## મેઘરજ તાલુકા કક્ષાના ૭૩ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી શ્રી લોકમંગળ ઉ. બૂ. વિદ્યાલય ડચકા બેલ્યો ખાતે કરાઈ



મેઘરજ તા. ૨૯

મેઘરજ તાલુકાના મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ શ્રી સજ્જનસિંહ ચૌહાણના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.ધ્વજ રક્ષક તેમજ ધ્વજને સલામી આપવાની સુંદર કામગીરી મેઘરજ પી. એસ. આઈ અનંતભાઈ દેસાઈ તેમજ તેમની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવી હતી.ધ્વજવંદન ની સાથે સાથે વનવિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ તેમજ આરોગ્ય વિભાગ દ્વારા કોરોના વોરિયર્સ ને પ્રિકોષન ડોઝ આપવામાં આવ્યો હતો.કાર્યક્રમના અંતે ધોરણ ૧૦ અને ૧૨ ના તેજસ્વી તારલાઓને મામલતદાર સજ્જનસિંહ ચૌહાણ,તાલુકા વિકાસ અધિકારી સુરેશચંદ્ર સુથાર તેમજ શાળાના પ્રિન્સપાલ ભાવેશ ભાઈ પટેલ પ્રાથમિક શાળાના આચાર્ય નલિનભાઈ પટેલ અને ઉપસ્થિત મહાનુભવોના હસ્તે પ્રોત્સાહન ઈનામ વિતરણ કરવામાં આવ્યું તેમજ ગ્રામ પંચાયતને ૫ લાખ રૂપિયા નો ચેક અર્પણ કરવામાં આવ્યો.વિશેષ ઉપસ્થિતિ ભૂતપૂર્વ આચાર્ય અને પૂર્વ તાલુકા પ્રમુખ ઠક્કર ભાઈ વણઝારા,સરપંચ શારદાબેન ડામોર તેમજ બેલ્યો પ્રાથમિક શાળાનો સ્ટાફ તેમજ ગ્રામ અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન બેલ્યો પ્રાથમિક શાળાના શિક્ષક પિન્ટુભાઈ ખાંટ અને મેઘરજ નાયબ મામલતદાર હિતેષભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# હિંમતનગરના રાજપુર(નવા)માં કામધેનુ યુનિવર્સિટી ખાતે મહાવિદ્યાલયનું ભૂમિ પૂજન

**નવીન છાત્રાલય ભવનનું લોકાર્પણ : કેન્દ્રિય કેબિનેટ મંત્રી પુરૂષોતમ રૂપાલા વર્ચ્યુઅલ માધ્યમ થકી ઉપસ્થિત રહ્યા**

બાયડ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાજપુર (નવા) કામધેનુ યુનિવર્સિટી ખાતે રાજય કક્ષાના કલ્પસર, મત્સ્યઉદ્યોગ, નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી જીતુભાઈ ચૌધરીના વરદ હસ્તે સ્નાતક અને અનુસ્નાતક મત્સ્યવિજ્ઞાન મહાવિદ્યાલયના ભૂમિ પૂજન તથા ભાઈઓ માટેની છાત્રાલય ભવનનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યકર્મમાં વર્ચ્યુઅલ માધ્યમથી કેબિનેટમંત્રીશ્રી પુરૂષોત્તમ રૂપાલા હાજર રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજે અહિં વિધાર્થીઓ માટેના અધ્યતન સુવિધાઓથી સજ્જ ૩૬ રૂમો અને ૧૦૮ વિધાર્થીઓની ક્ષમતાવાળા નવીન છાત્રાલયને ખુલ્લું મુકવામાં આવ્યું છે. તેમજ સ્નાતક અને અનુસ્નાતક મત્સ્યવિજ્ઞાન મહાવિદ્યાલયનું ભૂમિ પુજન છે. જે ગુજરાતમાં આ ત્રીજી ફિશરીંગ કોલેજ બનવા જઈ રહી છે. વેરાવળ અને વલસાડ દરિયા કિનારે આવેલા છે ત્યાં મત્સ્યઉધોગ છે જ પરંતુ દરિયા કિનારાથી દૂર અહિં ઉત્તર ગુજરાતમાં મત્સ્યઉધોગના વિકાસ થકી મીઠા પાણીની માછલીઓનું સંવર્ધન અને તેના વેચાણ થકી યુવાનોને રોજગારીની નવી તકો પ્રાપ્ત થશે. ગુજરાતને ૧૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયા કિનારો મળ્યો છે. જેનો ઉપયોગ મત્સ્યઉધોગના વિકાસ માટે કરી સરકારે ખુબ જ મોટી રોજગારી ઉભી કરી છે. ગુજરાતમાં શ્વેતકાંતિ થકી મહિલાઓને પગભર બનાવવામાં આવી છે. આ મત્સ્યઉધોગ થકી ગામના તળાવોમાં મત્સ્યપાલન થકી રોજગારીની તકોમાં વૃધ્ધિ થશે અને યુવાનોને ઘર આંગણે રોજગાર મળશે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, જેમ આપણી અમુલ ડેરી દેશમાં દૂધ ઉત્પાદનમાં અગ્રેસર છે તેમ આપણે મત્સ્ય ઉધોગના વિકાસ થકી મત્સ્યપાલનમાં દેશમાં અગ્રેસર બનવા તરફ આગળ વધવાનું છે. આ સંસ્થા આ સ્વપ્નને સાકાર કરવા તરફ પ્રથમ ડગ છે. આ ઉધોગ થકી રાજ્ય સરકાર માટે નવી રેવન્યુ જનરેટ થશે અને આર્થિક સધ્ધરતામાં વધારો થશે.



કેન્દ્રિય કેબિનેટ મંત્રીશ્રી પુરૂષોતમ રૂપાલાએ વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહી જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતને દેશનુ રોલ મોડલ બનાવ્યું છે. વાઈબ્રન્ટ થકી ગુજરાતમાં રોકાણ લાવી આર્થિક સમૃધ્ધિ વધારી છે. કામધેનું યુનિવર્સિટી તેમની દિર્ઘ દ્રષ્ટિનું ફળ છે. આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારતના સ્વપ્રને સાકાર કરવાનું પગથિયું છે. આ અનુસ્નાતક કક્ષાની ફિશરીંગ કોલેજ ભારતની પ્રથમ કોલેજ છે જે સાબરકાંઠા ગુજરાત માટે ગૌરવની વાત હોવાનું જણાવ્યું હતું. દેશમાં હાલ સ્નાતક કક્ષા સુધીની જ કોલેજો ઉપલબ્ધ હતી. ગુજરાતના યુવાનો ટેકનોલોજીના ઉપયોગ થકી આ ઉધોગ સાથે જોડાઈને ભવિષ્યમાં દક્ષિણના રાજ્યોથી પણ વધુ મત્સ્યપાલન કરી આર્થિક રીતે સધ્ધર બને તેવી નેમ વ્યક્ત કરી સુંદર માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે કૃષિ, પશુપાલન અને ગૌ-સંવર્ધન મંત્રીશ્રી રાઘવજી પટેલે પોતાનો શુભેચ્છા સંદેશ મોકલ્યો હતો. આ પ્રસંગે સાંસદશ્રી દિપસિંહ રાઠોડે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું આ પ્રસંગે સચિવશ્રી ઉપાધ્યાય, મત્સ્ય ઉધોગ નિયામકશ્રી નિતીન સાંઘવાન, કામધેનુ યુનિવર્સિટી કુલપતિશ્રી કેલાવાલા, કામધેનુ યુનિવર્સિટી કુલસચિવશ્રી ડો. બ્રહ્મક્ષત્રી, સંસ્થાના કાર્યપાલક ઈજનેરશ્રી, વેટેનરી વિભાગના ડૉકટરો, સ્ટાફ અને વિધાર્થિઓ આ પ્રસંગે વર્ચ્યઅલ માધ્યમથી જોડાયા હતા.

**અખાદ્ય ગોળનો દેશી દારૂ બનાવવા માટે ભરપુર ઉપયોગ**

# ભિલોડા પોલીસ દ્વારા અખાદ્ય ગોળ ભરેલો ટ્રક ઝડપાયો

**રૂ. ૨.૫૧ લાખનો અખાદ્ય ગોળનો જથ્થો કયાં લઈ જવાતો હતો તે રહસ્ય અંકબધ્ધ પોલીસે વધુ તપાસ હાથ ધરી**

ભિલોડા,તા.૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતેથી અખાદ્ય ગોળ ભરેલો ટ્રક રાત્રે પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન ઝડપાયો હતો.દેશી દારૂ બનાવવા માટે ભરપુર માત્રામાં વપરાતો અખાદ્ય ગોળની કિ.રૂ.૨,૫૧,૫૨૦=૦૦ છે.પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.અખાદ્ય ગોળનો જથ્થો કયાં લઈ જવાતો હતો તે રહસ્ય અંકબધ્ધ છે.ભિલોડા પોલીસની ટીમ રાત્રી દરમ્યાન પેટ્રોલિંગમાં નિકળી હતી તે દરમ્યાન હાથમતી નદી કિનારા પાસે આકાર કોમ્પ્લેક્ષ સામે શંકાસ્પદ પરપ્રાંતીય ટ્રક પસાર થઈને ટ્રકને પોલીસે થોભાવી દેતા તપાસ હાથ ધરવામાં આવી હતી.અખાદ્ય ગોળના કુલ-૩૯૩ બોક્ષ મળી આવ્યા હતા.પોલીસે ટ્રકને ડિટેઈન કરી પોલીસ મથકે લઈ ગયા હતા.અખાદ્ય ગોળનો જથ્થો ટ્રકમાં કયાં થી ભરવામાં આવ્યો કયાં લઈ જવાતો હતો તે સંદર્ભે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



દેશી દારૂ બનાવવા માટે ભરપુર માત્રામાં વપરાતા અખાદ્ય ગોળનું ભિલોડા તાલુકામાં ઠેર - ઠેર વિવિધ દુકાનોમાં ધુમ વેચાણ થાય છે.પોલીસ તંત્ર મુક પ્રેક્ષકની ભુમીકા ભજવતું હોય તેવી આશંકા સેવાઈ રહી છે.

# ભિલોડામાં શ્રી ઝુલેલાલ ભગવાનના મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક યોજાયો





ભિલોડા,તા.૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા રહેણાંક વિસ્તારમાં આવેલ શાંતિનગર સોસાયટીમાં શ્રી ઝુલેલાલ ભગવાનની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક અને ભક્તિમય વાતાવરણમાં આનંદ ઉત્સાહ ભેર યોજાયો હતો.

ભિલોડા સીન્ધી સમાજ દ્વારા શ્રી ઝુલેલાલ ભગવાનના મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભિલોડા નગરમાં શોભાયાત્રા વાજતે - ગાજતે ડી.જે ના તાલે નિકળી હતી.ભકતોએ અબીલ - ગુલાલની છોળો ઉડાડતા - ઉડાડતા નાચ ગાન સાથે - સાથે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.શ્રી ઝુલેલાલ ભગવાનની શોભાયાત્રા દરમિયાન ફટાકડાની આતશબાજી કરાઈ હતી.શ્રધ્ધાળુ ભાવિક ભકતોએ શ્રી ઝુલેલાલ ભગવાનના મંદિરમાં દર્શન કરીને મહા પ્રસાદી મેળવીને ધન્યતા અનુભવી હતી.

# પાલનપુરની પ્રિયંકા ચૌહાણ પોલીસ ભરતી માટે કરાવે છે તૈયારી.....

**૧૦૦ વધુ ગરીબ દીકરીઓને પોલીસ દોડની પરીક્ષામાં પાસ કરાવી**

પાલનપુર, તા. ૨૯

રાજ્યનાં લાખો યુવક-યુવતીઓ પોલીસની ભરતીની તડામાર તૈયારી કરી રહ્યા છે, પરંતુ ગરીબ વર્ગના યુવક-યુવતીઓને તૈયારી માટે યોગ્ય માર્ગદર્શન અને કોચિંગ પાછળ થતો મસમોટો ખર્ચ પરવડે તેમ નથી, ત્યારે આવી ગરીબ ઘરની દીકરીઓનું વરદી પહેરવાનું સ્વપ્ર સાકાર કરવા પાલનપુરની એક દીકરીએ અભિયાન હાથ ઉપાડ્યું હતું, આ અંગે અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેના ફળસ્વરૂપે આજે ૧૦૦થી વધુ દીકરીઓ પોલીસ દોડની પરીક્ષા પાસ કરવામાં સફળ થઈ છે. હવે આ દીકરીઓને લેખિત પરીક્ષા પાસ કરાવવાનું અભિયાન શરૂ થયું છે.

પાલનપુરમાં રહેતી પ્રિયંકા ચૌહાણ છેલ્લાં કેટલાંક વર્ષોથી મહિલા ઉત્થાન માટે વુમન્સ કેર ફાઉન્ડેશન નામે મહિલાઓ માટે અનેકવિધ સેવાકીય કાર્યો કરે છે. તાજેતરમાં ચાલી રહેલી પોલીસની ભરતીની તૈયારી માટે લાખો યુવક-યુવતીઓએ ફોર્મ ભર્યા છે. પ્રિયંકાએ એક દિવસ વહેલી સવારે દીકરીઓને રસ્તા પર દોડતી જોઈ, અને બસ તે સમયે જ નક્કી કર્યું કે દરેક ધર્મ, સમાજની ગરીબ અને



જરૂરિયાતમંદ દીકરીઓને તે વિનામૂલ્યે પોલીસ ભરતીની તૈયારી કરાવશે.

તેણીએ મોબાઈલ મેસેજ મુક્યો અને ૩૦ દીકરીઓને પોલીસ ભરતીની ફિઝિકલ તાલીમ અપાવવાનું શરૂ કર્યું. જોત જોતામાં ૩૦૦થી વધુ દીકરીઓ આ સેવાનો લાભ લેવા લાગી, તેમાંથી આજ સુધીમાં ૧૨૫થી વધુ દીકરીઓ પોલીસની દોડની પરીક્ષા પાસ કરી ચુકી છે.

# નેનાવા ચેકપોસ્ટ ખાતેથી વિદેશી દારૂ/ટીન બિયરનો જથ્થો પકડી પાડતી ધાનેરા પોલીસ

ધાનેરા તા. ૨૯

પોલીસ મહાનિરીક્ષક શ્રી જે.આર.મોથલિયા સરહદી રેન્જ ભુજ કચ્છ તથા બનાસકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી તરૂણકુમાર દુગ્ગલ નાઓની સુચના અન્વયે જીલ્લા માંથી દારૂની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારૂ મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી પુજા યાદવ થરાદ વિભાગ થરાદ નાઓના સુચના તથા માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર બી.સી.છત્રાલીયા ધાનેરા તથા અ. હેડ કો ગોવિંદભાઈ અરજણભાઈ તથા અ.પો.કો પ્રકાશભાઈ લાધાભાઈ તથા અ.પો.કો ભુરાભાઈ કેવદાભાઈ તથા અ.પો.કો વિક્રમભાઈ પીરાભાઈ તથા આ.પો.કો સરદારસિંહ ગણેશાજી તથા આ.પો.કો દેવાભાઈ રામજીભાઈ તથા અ.પો.કો રમેશભાઈ નવાભાઈ નેનાવા ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગમાં હતા.



તે દરમ્યાન મહિન્દ્રા પીકઅપ ડાલા નં. RJ-04-GB-9952 માંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ/ટીન બિયરની પેટીઓ નંગ-૨૧ બોટલો નંગ-૮૮૮ કિ.રૂ. ૧,૦૪,૦૪૦/- તથા મોબાઈલ નંગ-૧ કિ.રૂ. ૫૦૦૦/- તથા મહિન્દ્રા પીકઅપ ડાલા નં. RJ-04-GB-9952ની કિં.રૂ.૬,૦૦,૦૦૦/- એમ મળી કુલ કિં.રૂ. ૭,૦૯, ૦૪૦/- ના મુદ્દામાલ સાથે હરદાનભાઈ સ/ઓ કલારામ અદારામ જાતે જાટ (સિયાગ) રહે.તારાન્ત્રા તા-ચૌહટન જી.બાડમેર(રાજસ્થાન) વાળાને પકડી પાડી ગાડી ચાલક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પ્રજાના જાહેર આરોગ્યની ચિંતા કરતા સાબરકાંઠા સાંસદ દીપસિંહ રાઠોડની પ્રશંસનીય કામગીરી...

બાયડ તા.૨૯

અરવલ્લી જીલ્લામાં અગાઉ ૪૦ લાખ માનનીય સાંસદ સાહેબશ્રી દીપસિંહજી રાઠોડ દ્વારા અરવલ્લી કોવિડ હોસ્પિટલ માટે ફાળવણી કરવામાં આવેલ છે આમ માનનીય સાંસદ શ્રી દ્વારા જિલ્લા ની પ્રજાના ફે જાહેર આરોગ્ય ની ચિંતા કરી સાંસદ ગ્રાન્ટ માથી ૪૦ લાખની માતબર ગ્રાન્ટ મોડાસા દ્દિં કેન્દ્ર મા ફાળવી આપી હતી અને સાબરકાંઠા જિલ્લામાં ૬૦ લાખ સહિત ૧ કરોડ ની ગ્રાન્ટ સાંસદસભ્ય ફંડ માંથી સમયસર ફાળવણી કરેલ હતી જેના કારણે બંને જિલ્લાના કોરોના સંક્રમિત અનેક દર્દીઓ ના જીવ બચાવી શકાયા છે

ઉપરાંત માનનીય સાંસદશ્રી દ્વારા મોડાસા તેમજ બાયડ વાત્રક હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા માટે સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવેલ હતા જેના ફળસ્વરૂપે જિલ્લાની બંને કોવીડ હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત થયેલ છે

વધુમાં તાજેતરમા અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતેની કોવીદ હોસ્પિટલ ખાતે આઈ સી યુ ઓન વ્હીલ એમ્બ્યુલન્સ માટે માનનીય સાંસદ સભ્યશ્રી દ્વારા રૂપિયા ૨૪ લાખની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે પરિણામે વધુ ગંભીર દર્દીઓને ખાસ સંજોગોમાં જરૂર જણાયે વધુ સારવાર અર્થે મોડાસા ખાતેથી અમદાવાદ ખાતેની સુપર સ્પેસ્યાલીટી હોસ્પિટલ ખાતે હેરફેર કરવાની સુવિધા ઉપલબ્ધ થતાં દર્દીઓના જીવ બચાવી શકાશે. આમ પ્રજાના જાહેર આરોગ્યની ચિંતા કરતા માન. સાંસદ શ્રી ની કામગીરી સરાહનીય છે વંદનીય છે એમ અરવલ્લી જિલ્લા આયોજન અધિકારી શ્રી સુરેન્દ્રસિંહ ડાભીએ જણાવ્યું હતું

# ડીસાના રિસાલા બજારમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા

ડીસા, તા. ૨૯

ડીસા શહેરમાં તાજેતરમાં જ ડીસા જીઆઈડીસી વિસ્તારમાં આવેલ પદ્મનાભ માર્કેટિંગ અને ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ ઓઈલ મિલ પર આકસ્મિક રીતે તોલમાપ વિભાગ દ્વારા દરોડા પાડયા હતા જેમાં વજન કાંટા નિયત સમયમાં વેરીફાઈ કરાવેલ ન હોવાનું માલુમ પડ્યું હતું જ્યારે ગ્રોસ વજનમાં પણ ગેરરીતિઓ આચરાયાનુ બહાર આવ્યું હતું જે ઘટનાની શાહી પણ સુકાઈ નથી ત્યાં આજે ડીસાના રિસાલા બજારમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા પડયા હતા જે દરોડાથી તેલનાં વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. રિસાલા બજારમાં આવેલી જતીન ટ્રેડર્સની દુકાનમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ દ્વારા બ્રાન્ડેડ તેલના સેમ્પલ લેવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી આ ઘટનાની જાણ થતાં ડીસાના ભેળસેળીયા તેલીયા રાજાઓ ભૂગર્ભમાં ઊતરી ગયા હતા જ્યારે બાકીના તેલીયા રાજાઓ પણ આ દરોડાના પગલે ફફડી ઉઠ્યા હતા.



અત્રે ઉલ્લેખનીય છે કે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા રીસાલા બજારમાં આવેલ જતીન ટ્રેડર્સની દુકાનમાંમાં દરોડા દરમિયાન તપાસમાં બહાર આવ્યું છે કે કુલ છ નમુના પૃથક્કરણ અર્થે મોકલવામાં આવ્યા છે જેમાં શ્રેષ્ઠ રિફાઈન્ડ સોયા તેલ ૧૫ કિગ્રા ડબ્બામાંથી સેમ્પલ લેવાયું છે ,બાલાજી રિફાઈન્ડ સોયાબીન તેલના ૧૫ કિગ્રા માંથી સેમ્પલ લેવાયું છે હરિઓમ રાયડા તેલ ૪.૫ કિગ્રા માંથી સેમ્પલ લેવાયું છે ન્યુ એક્ટિવ પ્લસ સોયાબીન તેલના ૧૫ કિગ્રા ડબ્બામાંથી સેમ્પલ લેવાયું છે તિરુપતિ કપાસીયા તેલ ૧૫ કીગ્રા ડબ્બામાંથી સેમ્પલમ્પલ લેવાયું છે તેમજ અંકુર સીંગતેલ ૧૫ કીગ્રા ડબ્બામાંથી પણ સેમ્પલ લેવાયું છે વધુમાં શંકાસ્પદ સોયાબીન તેલ ના ૨૨ ડબ્બા જપ્ત કરવામાં આવ્યા છે આમ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા માં ફુડ સેફટી ઓફિસર પી.એસ. ચૌધરી, એ વી જોશી,એમ.એલ. ગુર્જર અને તેમની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી

# છેવાડાના માનવીને વિવિધ યોજનાઓમાં બેંક થકી ધિરાણ આપી સુખી અને સમૃદ્ધ બનાવવાનો અમારો પ્રયાસ : અણદાભાઈ પટેલ

પાલનપુર તા. ૨૯

પાલનપુર ખાતે બનાસ બેક્રના ના ચેરમેન અણદાભાઈ પટેલે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી , કેન્દ્રીય ગ્રુહ પ્રધાન શ્રી અમિતભાઈ શાહ ,પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ અને ભારતીય જનતા પાર્ટી ના આગેવાનોનો બનાસબેંકના ચેરમેન તરીકે પસંદગી કરતા અણદાભાઈ પટેલે આભાર માન્યો હતો સાથે જણાવ્યું હતું કે, અમારી બેંક પ્રગતિશીલ બેંક છે બેંકને પ્રગતિના નવા શિખરે પહોંચાડવા અને જિલ્લાના ખેડૂતો અને પ્રજા વધુ આત્મનિર્ભર બને તે દિશામાં કેટલાક નિર્ણયો લેવાયા છે. આ અંગે અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ચેરમેન અણદાભાઈ પટેલે જણાવ્યું હતું કે, બનાસ બેંકના ચેરમેન તરીકે મારી પસન્દગી ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓએ કરી છે પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની સુચના મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ યોજનાઓનો જીલ્લાના છેવાડાના માનવીને લાભ મળે તેવો નિર્ધાર કર્યો છે. અમે ખેડૂતોને સરળતાથી ધિરાણ મળી શકે એના માટે કામ કરીશું. ખેડૂતોને સરળતાથી ધિરાણ મળી શકે તેવા પ્રયાસ સાથે પશુપાલકો ને ૩ લાખ ની જગ્યા એ ૩.૫૦ લાખ ધિરાણ મળશે, નાના કારીગર અને નાના ધંધા માટે બનાસબેક્ર લૉન આપશે, ગુજરાત અને કેન્દ્ર સરકારની જિલ્લા ઉધોગ ખાતાની યોજનાઓ હેઠળ લૉન અને સબસીડી અપાશે, મધ્યમવર્ગના લોકો અને મજુર વર્ગને પણ ૧% નો વ્યાજ ઘટાડા સાથે લોન અપાશે, બનાસકાંઠાના લોકોમાં જે સ્કિલ છે એ સ્કિલને બેંક દ્વારા વધારે લાભ આપી શકાય કે ધિરાણ આપી શકાય તેનો ઉપયોગ કરી અને જિલ્લો આગળ વધે એવું કામ કરતા રહીશું. પશુપાલનમાં મહિલાઓને પણ એક કે બે ગાય કે ભેંસ ખરીદી શકે તેના માટે બે લાખ સુધી ધિરાણ અમે આપશું. ઉચ્ચ અભ્યાસ માટે દીકરા-દીકરીઓને અત્યાર સુધી જે લોન આપતા હતાં તેમાં વધારો કરતાં હવેથી પેરામેડિકલના અભ્યાસ માટે પણ ધિરાણ કરવામાં આવશે.

